# નવસારી કૃષિ યુનિવર્સિટી

## ચીકુ ફાલની હરાજીની જાહેરાત

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના નીચે જણાવેલ કેન્દ્રો ખાતેથી ચીકુ ફાલ ઉતારીને લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે જણાવ્યા મુજબના કેન્દ્રના ઈજારા માટે જે તે કેન્દ્ર ખાતે ટેન્ડર ફોર્મ દીઠ રૂા. ૬૦૦/– રોકડા ચુકવી ટેન્ડર ફોર્મ ભરી સંબંધીત તારીખ અને સમય સુધીમાં જમા કરાવવાના રહેશે.

| અ.નં. | કેન્દ્રનું નામ | અનામતની રકમ (રૂા) | ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરિયા તા. પારડી, જી. વલસાડ | ૩૦,૦૦૦/– | ૩૦–૮–૨૦૨૨ | ૧–૯–૨૦૨૨ |
| ૨ | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧૦,૦૦૦/– | ૧–૯–૨૦૨૨ | ૨–૯–૨૦૨૨ |
| ૩ | ઈન્સ્ટ્રક્શનલ ફાર્મ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૫,૦૦૦/– | ૧–૯–૨૦૨૨ | ૨–૯–૨૦૨૨ |
| ૪ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, નકૃયુ, નવસારી | ૧૦,૦૦૦/– | ૧–૯–૨૦૨૨ | ૨–૯–૨૦૨૨ |
| ૫ | મુસા ફાર્મ, નકૃયુ, વ્યારા | ૫,૦૦૦/– | ૨–૯–૨૦૨૨ | ૩–૯–૨૦૨૨ |
| ૬ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, નકૃયુ, વ્યારા | ૨,૫૦૦/– | ૨–૯–૨૦૨૨ | ૩–૯–૨૦૨૨ |

- સંબંધીત કેન્દ્રના ટેન્ડર ફોર્મમાં પોતાના ભાવ ભરીને જે તે ડીડીઓના નામ સાથેની અનામતની રકમના ડીમાન્ડ ડ્રાફ્ટ / ચેક સહિતનું બંધ કવર સંબંધીત કેન્દ્ર ખાતેની કચેરીએ ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે.
- અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- જે તે કેન્દ્રના હરાજીની નિયત તારીખનાં દિવસે સવારે ૧૦.૦૦ કલાકે ઈજારદારોની હાજરીમાં જે તે કેન્દ્રના ફાર્મ ખાતે આવેલ ભાવપત્રકો ખોલવામાં આવશે.
- ઈજારાની શરતો જે તે કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે.

<u>**નોંધ :**</u> નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯) ની મહામારીના કારણે રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઈજારદારે સરકારશ્રીની ગાઈડ લાઈન્સનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)**
**કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા,**
**તા. પારડી, જી. વલસાડ-૩૯૬૧૪૫**

નં. માહિતી/વલસાડ/૩૦૦/૨૨

# કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા કેન્દ્ર હસ્તકના ચીકુ ફાલના ઈજારાની વર્ષ ૨૦૨૨ - ૨૩ ની હરાજીથી વેચાણની શરતો:-

૧) કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, મુકામ પરીયા ખાતેના વિભાગ-૧ થી ૫ અને વિભાગ-૬ થી ૮ એમ બે ભાગમાં આવેલા નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબના ચીકુના ઝાડનો વર્ષ ૨૦૨૨-૨૩ નો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે જે અંગે ઈજારદાર દ્વારા ટેન્ડર જમા કરાવવાની સાથે રૂા.૩૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે રોકડ અથવા ડી.ડી. થી જમા કરવાના રહેશે.

| વિભાગ | ચીકુના નાના ઝાડ | ચીકુના મોટા ઝાડ | કુલ ચીકુના ઝાડ |
|---|---|---|---|
| ૧ થી ૫ | ૫૦૬ | ૧૪૩૩ | ૧૯૩૯ |
| ૬ થી ૮ | - | ૯૦૮ | ૯૦૮ |
| કુલ ચીકુના ઝાડ: | ૫૦૬ | ૨૩૪૧ | ૨૮૪૭ |

૨) ઉપરોકત શરત -૧ માં નિર્દેશ કરેલ ચીકુનો ફાલ ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ઉતારી લઈ જવાની ઈજારાની મુદત ઈજારો મંજુર થાય તે તારીખથી તારીખ ૩૦/૦૫/૨૦૨૩ સુધીની રહશે. સદર મુદતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહીં તથા ઇજારો રાખનાર ઇસમે તેનો સબકોન્ટ્રાક્ટ આપી શક્શે નહી.

૩) જે ઇસમ હરાજીમાં ભાગ લેવા માંગતા હોય તેવા ઇસમ પાસે યુનિવર્સિટીની અગાઉની કોઇ પણ હરાજીના નાણાંની વસુલાત બાકી નીકળતી હોય અથવા બ્લેક લીસ્ટેડ થયેલ હોય તેવા ઇજારદાર હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૪) ટેન્ડર ભરનાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ તેમજ તે અસ્થિર મગજનો હોવો જોઈએ નહીં.

૫) ઇજારદારે અનામત/ભાવપત્રક સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૬) ડીપોઝીટ ભર્યા સિવાયના ટેન્ડર ઉપર ધ્યાન આપવામાં આવશે નહી. ટેન્ડર નામંજુર થતાં બાકીના ઈજારદારની અનામત ની રકમ ઇજારાના દિવસેજ પરત કરવામાં આવશે. જે ઈસમનું ટેન્ટર મંજુર થશે તેમને ઈજારાની મુદત પુરી થયે ચીકુવાડીમાં કોઈ નુકશાન ન કર્યાનું પ્રમાણપત્ર રજુ કર્યે ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૭) સંજોગોવસાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતા વધુ ઈસમોની રકમ સરખી હોય તેવા સંજોગો ઉપસ્થિત થાય તો તેવા સમયે નિમણૂંક કરેલ સમિતીનો નિર્ણય આખરી રહેશે અને હરાજીના દિવસે અને સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૮) ઈજારો મંજરુ થયે ઈજારદાર ધ્વારા ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

અ) જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તે ઈજારદારે તુરંત ઈજારાની રકમના ૧૦% ડીપોઝીટ પેટે રોકડ/ડી.ડી./ચેક દ્વારા જમા કરવાની રહેશે. સદર ડીપોઝીટની રકમ જમા કર્યા બાદજ ઈજારદારનું ટેન્ડર માન્ય ગણાશે. સદર ૧૦% મુજબની ડીપોઝીટની રકમ ઈજારાની મુદત પુરી થયા બાદ તેમજ અત્રેના કેન્દ્ર ખાતે કોઈપણ

જાતની નુકશાની નહી થયાની ખાત્રી થયા બાદ વગર વ્યાજે ચેક દ્વારા પરત કરવામાં આવશે. જો નુકશાની થયેલ હશે તો ડીપોઝીટની રકમમાંથી નુકશાનીનાં પ્રમાણમાં નાણાં કાપી લેવામાં આવશે.

બ) ઈજારાની કુલ રકમ નીચેની વિગતે બે હપ્તે કચેરીના સમય દરમ્યાન કચેરીમાં ભરપાઈ કરવાની રહેશે.

૧. પ્રથમ હપ્તો (ઈજારાની ૫૦% રકમ) હરાજી થયેથી બીજા દિવસે ડી.ડી./ચેક/આર.ટી.જી.એસ.થી ભરવાનો રહેશે.

૨. બીજો હપ્તો (ઈજારાની બાકીની ૫૦% રકમ) તા. ૦૧/૦૧/૨૦૨૩ સુધીમાં ડી.ડી./ચેક/આર.ટી.જી.એસ.થી ભરવાનો રહેશે.

ઉપરોકત મુદતમા ખાસ કેસ તરીકે પ્રથમ અને બીજા હપ્તાના નાણાં ભરવા માટે વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની વધારાની મહેતલ આપી શકાશે અને સંબંધીત વધારાના દિવસ/દિવસોનું વ્યાજ નવસારી કૃષિ યુનિવર્સિટીના નિતી-નિયમોનુસાર ગણી ઈજારાની રકમ સાથે જ કચેરીમાં ભરવાનું રહેશે.

ક) ઉપર જણાવેલ રકમ સમયસર અત્રેના કેન્દ્રની કચેરીને અચુક જમા કરવાની રહશે. નકકી થયેલ હપ્તાની રકમ સમયસર જમા કરાવવામાં નહી આવે તો ઈજારદારને મુદત બાદ ચીકુ ઉતારવાની પરવાનગી આપવામાં આવશે નહી.

૯) પ્રથમ હપ્તો ભર્યા પછીજ અત્રેના કેન્દ્ર ખાતેનો ચીકુ ફ઼ાલ ઉતારવા દેવામાં આવશે.

૧૦) શરત નંબર-૮ (બ) મુજબ પ્રથમ હપ્તાની રકમ મુદતસર ભરવામાં નહી આવે તો ઈજારો રદબાતલ કરવામાં આવશે અને સંબંધીત ઈજારદારની ડીપોઝીટ અત્રેના કેન્દ્ર દ્વારા જપ્ત કરવામાં આવશે. આવા સંજોગોમાં હરાજી સમિતી દ્વારા બીજા નંબરના ઈજારદારને ઈજારો આપવો કે નહી તે નકકી કરવામાં આવશે.

૧૧) ઈજારદાર દ્વારા ઈજારાની રકમ નિયત સમયમાં ભરપાઈ કરવામાં નહીં આવે અને શરત નં-૮ (બ) પ્રમાણે અમલ નહી થાય તેવા સંજોગોમાં ઈજારદાને ચીકુ ઉતારવા દેવામાં આવશે નહીં અને તૈયાર થયેલ ચીકુ ફળ બગડે તેમ જણાશે તો અત્રેના કેન્દ્ર દ્વારા તેનું વેચાણ કરવામાં આવશે અને આ સંજોગોમાં વેચાણ થયેલ ચિકુ ફળની રકમમાં ઈજારદારનો કોઈ હક્ક કે દાવો રહેશે નહીં.

૧૨) ઈજારો મંજુર રાખવો કે નહીં તેની સત્તા તે મંજુર કરનાર અધિકારીશ્રીની રહેશે. ફાર્મના ચિકુ ફળ ઉપર કોઈપણ જાતની સરકારી અથવા ગ્રામ પંચાયત કે માર્કેટીંગ યાર્ડનો કરવેરો કે ઓકટ્રોય વગેરે જે હશે તે ઈજારદારને શિરે રહેશે.

૧૩) ચિકુ ફળ ઉતારતા કોઈપણ માલ, મકાન, પાક, ઝાડ વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઈજારદારથી અત્રેના કેન્દ્ર ખાતે કોઈપણ જાતનું નુકશાન થશે તો સંસ્થાને વ્યાજબી લાગે તે અનુસાર નુકશાનીની રકમ વસુલ કરવામાં આવશે. આ અંગે જે નિર્ણય લેવાશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

૧૪) અત્રેના ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવે તેનું નામ, પુરૂ સરનામું અને મોબાઈલ નંબર ફાર્મ વ્યવસ્થાપકશ્રીને લેખિતમાં રજુ કરવાના રહશે. જેતે શખ્સને જયારે બદલવાના થાય ત્યારે તુરંત અત્રેના કેન્દ્રના અધિકારીશ્રીને નવા રાખેલ રખેવાળ કે પ્રતિનિધિની ઉપર જણાવ્યા મુજબની તમામ માહિતી આપવાની રહેશે. તે સિવાય કોઈપણ સખ્શને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. સંબંધીત રખેવાળ કે પ્રતિનિધિ નું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતમાં નુકશાન કરતાં જણાશે તો તેવા

શખ્સને અત્રેના કેન્દ્રના ફાર્મ વ્યવસ્થાપકશ્રી તરફથી જાણ કરવમાં આવે તેજ દિવસથી દુર કરવાનો રહશે અને તેવા માણસોને ફાર્મમા દાખલ થવા દેવામાં આવશે નહીં. અત્રેના કેન્દ્રના અધિકારીશ્રીની સમંતિ મેળવ્યા સિવાય ફાર્મ ઉપરના કોઈપણ મજુરને કામ ઉપર લઈ શકાશે નહી.

૧૫) ઇજારદારે સ્થળ પર કામ કરતા પોતાના મજુરોને સરકારશ્રીના નિયમ પ્રમાણેની તમામ સવલતો તેના ખર્ચે પુરી પાડવાની રહેશે.અકસ્માત વિમો તેમજ મજુરને કામગીરીને કારણે નુકશાન ન થાય તે માટેની સઘળી કાયદાકિય વ્યવસ્થા ઇજારદારે કરવાની રહેશે.

૧૬) કોઈપણ કુદરતી આફત (વાવાઝોડું, અતિવૃષ્ટિ અથવા બીજી કોઈ આસમાની સુલતાની) થી હરાજી કરેલ ચિકુ ઝાડનાં ફળને કોઈપણ નુકશાન થશે તો અત્રેના કેન્દ્રની કોઈ જવાબદારી રહેશે નહીં. ઝાડને કુદરતી રીતે થયેલ નુકશાન અંગેની જાણ ઈજારદારે અત્રેના કેન્દ્રના અધિકારીશ્રીને કરવાની રહશે.વધુમાં અત્રેના ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવેલ હોય તેમણે ચિકુ ફળની ચોરી થાય નહી તેની સઘળી જવાબદારી રાખવાની રહેશે.

૧૭) ઈજારદારથી આપેલ ચિકુ ફળ ઉતારતી વખતે ઝાડનાં મૂળ, ડાળ કે પાંદડાને કોઈપણ જાતનું નુકશાન થવું જોઈએ નહીં અને જો નુકશાન થશે તો તેની વસુલાત ઈજારદાર પાસેથી કરવામાં આવશે. ઝાડનાં લીલા, સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઇ પણ હકક રહશે નહીં. નકામાં ફળનો ફાર્મમાંથી વ્યવસ્થિત રીતે નિકાલ કરવાનો રહશે. ફાર્મમાં દુર્ગંધ ન ફેલાય તે ઇજારદારે જોવાનું રહેશે.

૧૮) કોઈપણ રોગીષ્ઠ ઝાડના નડતર રૂપ પાન કે ડાળી કાપવામાં આવે તો ઈજારદાર વાંધો લઈ શકશે નહી.

૧૯) ઉતારેલ ચીકુના ફળો ફાર્મની બહાર લઈ જવા માટે ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજનની નોંધ પ્રથમ ગેટપાસમાં ફરજીયાત કરાવવાની રહેશે. આવી નોંધ કર્યા સિવાય ફળો ફાર્મમાથી બહાર લઈ જવા દેવામાં આવશે નહી. આ ઉપરાંત મુદત પુરી થવાના સમયે જે ચીકુ ફળ ઉતારી લઇ જવાય તેમાં કુમળા કે અપરીપક્વ ચીકુ ઉતારાય નહી તેની ઈજારદારે કાળજી લેવાની રહેશે, જેમાં કસુર થયે અત્રેના કેન્દ્રના વ્યવસ્થાપકશ્રી નકકી કરે તે દંડ ચુકવવાનો રહેશે.

૨૦) હરાજીથી રાખેલ ચીકુ ઝાડ ઉપર ફાર્મની કલમો બાંધવામાં આવે તો તેને ઈજાદાર અટકાવી શકશે નહી. તેમજ બાંધેલી કલમોને નુકશાન કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. તેમ છતાં કોઈપણ જાતનું નુકશાન થયેલુ જણાશે તો ડીપોઝીટની રકમમાંથી નુકશાનીની રકમ અત્રેના કેન્દ્ર દ્વારા વસુલ કરવામાં આવશે.

૨૧) ચિકુના અખતરાના ઝાડ કે જેના ઉપર સફેદ/પીળા પટ્ટા અથવા ટેગ લગાડવામાં આવેલ હોય તેવા ઝાડોના ફળો ઉતારતી વખતે અગાઉથી મંજુરી મેળવ્યા બાદ ફાર્મના પ્રતિનિધિની હાજરીમાંજ ફળો ઉતારવા દેવામાં આવશે. જેની ઝાડ દિઠ ફળની સંખ્યા અને વજન નોંધવામાં આવશે તેમજ જરૂરીયાત અનુસાર પૃથ્થકરણ માટે અખતરાના ઝાડ દિઠ ૨૫ (પચ્ચીસ) ફળો વિના મુલ્યે આપવાના રહેશે. તદઉપરાંત નવસારી કૃષિ યુનિવર્સિટીના નવા અખતરા ઇજારા સમય દરમિયાન જરૂરીયાત અનુસાર કોઇપણ યોગ્ય સમયે વચ્ચેથી શરૂ કરી શકાશે જે ઈજારદારે માન્ય રાખવું પડશે.

૨૨) ઈજારા હેઠળના ઝાડને ફાર્મની સુવિધા પ્રમાણેજ પિયત આપી શકાશે. આ અંગે ઈજારદારની કોઈપણ તકરાર ચાલશે નહીં.

૨૩) ચીકુફાલના ઈજારા કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદ્દાઓ ઉપસ્થિત થાય તો તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી/અત્રેના કેન્દ્ર દ્વારા જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવે તેને ઈજારદારે શિરોમાન્ય રાખવો પડશે તથા આ અંગે કોઇ પણ કાનુની વિવાદ ઉપસ્થિત થાય તો દાવો ફક્ત નવસારીની કોર્ટમાં જ દાખલ કરી શકાશે.

૨૪) પરિસ્થિતીને અનુરૂપ અત્રેના કેન્દ્રના અધિકારીશ્રી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરત અંગે જે નિર્ણય લેશે તે ઈજારદારે માન્ય રાખવાનો રહેશે તથા શરતી ભાવો માન્ય રાખવામાં આવશે નહી.

૨૫) સંજોગોવસાત ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવો પડશે. તે અંગે કોઈપણ તકરાર ચાલશે નહી.

૨૬) ઈજારો રાખનારે અત્રેની કચેરીએ નકકી કર્યા મુજબની શરતો બંધન કર્તા છે તે મુજબનું કચેરી દ્વારા નકકી કરેલ લખાણ રૂા.૩૦૦/- ના નોન-જયુડીશિયલ સ્ટેમ્પ પેપર પર લખી આપવાનું રહેશે.

૨૭) જે ઈજારદારનો ઈજારો મંજુર થશે તેમણે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.

૨૮) નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની મહામારીના કારણે સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ રૂબરૂમાં ટેન્ડર ફોમ ભરતી વખતે અને હરાજીના સમયે ઇજારદાર પોતે અથવા વધુમાં વધુ એક વ્યક્તીએ આવવાનું રહેશે.

૨૯) નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની મહામારીના કારણે ઇજારદારે ચીકુ ફાલ ઉતારવાના સમયે સરકારશ્રીની ગાઇડલાઇનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

---

સ્થળ:-પરીયા

તારીખ:- ૨૦/૦૭/૨૦૨૨

સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી
પરીયા. તા.પારડી.જી.વલસાડ

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી